


## સે-૨૧ શોપિંગ સેન્ટરમાં ચૈતન્ય સ્કુલના વિદ્યાર્થીઓએ ઝાડુ માર્યુ



સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સફાઈ અભિયાન ચલાવવામાં આવે છે ત્યારે લેકાવાડામાં આવેલી ચૈતન્ય સ્કુલ દ્વારા સેકટર-૨૧ શોપિંગ સેન્ટરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત પદયાત્રા કાઢી હતી. બાળકોએ સ્વચ્છતાનો સંદેશો પાઠવતાં નાટકો રજૂ કર્યા હતાં. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિચારોને વડાપ્રધાને લોકો સમક્ષ મુકયા છે. પૂજય બાપુ ઈચ્છતા હતા કે આપણો દેશ સ્વચ્છ અને સુંદર બને ત્યારે વડાપ્રધાન મોદીએ સ્વચ્છતા અભિયાન હેઠળ બાપુના વિચારોને પ્રાધાન્ય આપ્યું છે. ચૈતન્ય સ્કુલ પૂજય બાપુના અને વડાપ્રધાન મોદીના સ્વચ્છ ભારત અભિયાનમાં સામેલ થઈ છે. ચૈતન્ય સ્કુલ લેકાવાડા દ્વારા એક મહિનો સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. સ્કુલ કંપાઉન્ડ સહિત વિવિધ જગ્યાએ સફાઈ કાર્યક્રમો યોજવામાં આવશે. તેમજ સ્કુલના બાળકોએ સફાઈનો સંદેશ આપતા નાટકો રજૂ કર્યા હતા. સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં પદયાત્રા કાઢી ગંદકી ન કરવા અને સ્વચ્છતા જાળવવા વિવિધ બેનરો સાથે સંદેશો પાઠવ્યો હતો. તેમજ શોપિંગ સેન્ટરમાં ઝાડુ મારી ગંદકી સાફ કરી હતી. કાર્યક્રમમાં શાળાના ડાયરેકટર એલિઝાબેથ કોશી, નલિની સુબ્બારાવ, આચાર્યા પ્રિતા પિલ્લાઈ અને શાળાનો સ્ટાફ જોડાયો હતો.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

બાળક એ ભગવાનનું રૂપ છે. તેનામાં અગણ્ય અને અગણિત શક્તિઓ છુપાયેલી હોય છે. આ શક્તિઓ શિક્ષણ અને પ્રવૃત્તિ દ્વારા વિકસે છે. આવી શક્તિઓ વિકસાવવાનું કામ કરતી સંસ્થા લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ છે.

વાર્ષિકોત્સવ એટલે બાળકોએ વર્ષદરમ્યાન ભણતર સિવાયની કરેલી સાંસ્કૃતિક ઈતર પ્રવૃત્તિઓ જે વ્યક્તિત્વ માટે ઘડતર માટે મહત્વનો છે. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવાર દ્વારા ટાઉનહોલ ગાંધીનગરમાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કે.જી. થી ધોરણ-૧૨ સુધીના બાળકોની નયનરમ્ય કૃતિઓ જોઈને ઉપસ્થિત મહેમાનો વાલીઓ મંત્રમુગ્ધ બની ગયા હતા. ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્કેટીંગ કરાટે, રોપ-મલખમ, યોગ, પીરામીડ નાટક જેવી પ્રવૃત્તિઓ રજુ કરેલ હતી.

### આજે કલોલમાં સુંદરકાંડ પાઠ

કલોલ ખાતે નવયુગ મિત્ર મંડળ દ્વારા આજ રોજ બુધવારે રાત્રે ૮ વાગે આલાપ કોમ્પ્લેક્ષ, પોલીસ ગ્રાઉન્ડ પાસે કનૈયાલાલ મહારાજની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજવામાં આવશે.

### ઝુલેલાલ મંદિરમાં અન્નકૂટ દર્શન યોજાશે

સેકટર-૩૦માં આવેલ ઝુલેલાલ મંદિર ખાતે નવા વર્ષની શુભ પ્રભાતે વહેલી સવારે ૪.૩૦ કલાકે કાકડુ આરતી કરવામાં આવશે તેમજ સવારે ૬ થી ૧૨ સુધી અન્નકૂટના દર્શન યોજાશે. મંદિર લાભ પાંચમ સુધી નગરજનો માટે સંપૂર્ણ દિવસ ખુલ્લું મુકવામાં આવશે.

## લીંબડીયા પુલ પર બાઈક સ્લીપ થઈ જતાં મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

અમદાવાદથી દિયર સાથે બાઈક પર ગઈ સાંજે મહિલા ગાંધીનગર આવી રહી હતી તે દરમિયાન લીંબડીયા પુલ પાસે અચાનક બાઈક સ્લીપ થઈ જતાં દિયર-ભાભી બંને રસ્તા પર દુર સુધી ઢસડાયા હતા અને બંને ઘવાયા હતાં. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ મારફતે બંનેને લઈ જવામાં આવ્યા હતા જયાં મહિલાનું મૃત્યુ થઈ ગયું હોવાનું ખુલ્યું હતું. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સે-૨૩, ઘ-૬ પાસેના છાપરામાં રહેતા મણીબેન કરમશીભાઈ મકવાણા બે દિવસ પહેલા તેમના અમદાવાદ ખાતે રહેતા દિયર બાબુભાઈને ત્યાં ગયા હતાં. ગઈ કાલે મોડી સાંજે દિયર બાબુભાઈ ભાભી મણીબેનને ગાંધીનગર પરત મુકવા બાઈક નં. જીજે-૧ જે એલ ૭૭૭૪ લઈને આવી રહ્યા હતાં.ત્યારે રસ્તામાં લીંબડીયા પુલ પર અચાનક તેમનું બાઈક સ્લીપ ખાઈ ગયું હતું અને દિયર-ભાભી બને ગંભીર રીતે ઘવાયા હતાં. ૧૦૮ મારફતે બંનેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જયાં ફરજ પરના તબીબે મણીબેનને મૃત જાહેર કરતાં સન્નાટો મચી જવા પામ્યો હતો. મૃતદેહ પી.એમ. કરાવી ડભોડા પોલીસે મૃતકના દિકરા મહેશની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.



## જીત-ક્વોનડો ટુર્નામેન્ટમાં વિજેતા

તાજેતરમાં જિલ્લા લેવલની જીત-કવોનડૉ ટુર્નામેન્ટ ગાંધીનગરમાં યોજાઈ હતી. સ્પર્ધામાં સચિવાલય જીમખાના કરાટે વિભાગમાં તાલીમ લઈ રહેલા બાળકોએ મેડલ મેળવ્યા છે જેમાં ચંન્દ્રવિ રાવલ અને કાલીમખાન પઠાણે ગોલ્ડ મેડલ, કરિશ્મા અને શાવ્યાએ સિલ્વર તેમજ ગૌરીનંદાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. સ્ટેટ લેવલની ત્રીજી જીત-કવોનડૉ ટુર્નામેન્ટમાં ચંન્દ્રવી રાવલ, મૈત્રી પટેલ, શાવ્યા રોયે સિલ્વર અને લોકેશ રાજપુત, આર્ય રાવલે બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

## નાગરબંધુઓને તાના-રીરી સંગીત મહોત્સવ માણવા આમંત્રણ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય સરકારે દર વર્ષની જેમ આ વર્ષે પણ તાના-રીરી મહોત્સવ-૨૦૧૪ ની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. આ કાર્યક્રમ આગામી તા. ૧ અને ૨ નવેમ્બર-૨૦૧૪ એમ બે દિવસ તાના-રીરી ગાર્ડન મુ. વડનગર જિ. મહેસાણા ખાતે યોજાશે. જેમાં કલાકારો દ્વારા શાસ્ત્રીય સંગીતની રચનાઓ રજૂ કરશે.

મહેસાણાના વડનગર ખાતે નાગર જ્ઞાતિની બે નાગર કન્યાઓ તાના અને રીરી જેના માટે અનેક લોકકથાઓ અને દંતકથાઓ છે. પણ વાસ્તવિકતા એ જ છે. તે સંગીતની વિદ્વાન જ્ઞાતિઓ હતી. તેમણે જ દિપક રાગથી પિડાતા તાનસેન સમક્ષ મલ્હાર રાગ ગાઈ દિપક રાગનો દાહ દૂર કર્યો હતો તે નાગર કન્યાઓની સ્મૃતિમાં વડનગર ખાતે તાના-રીરીના નિર્વાણ દિને સંગીત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. આ દિવસ નાગર જ્ઞાતિ માટે એક ગૌરવ સમાન કહી શકાય. જ્ઞાતિને નજરમાં રાખી સમગ્ર નાગર જ્ઞાતિ જેમના વડવાઓ-પૂર્વજો આ ભૂમિમા એક સમયે રહેતા હતા જ્યાં નાગર જ્ઞાતિના ઈષ્ટ દેવ શ્રી હાટકેશ્વર દાદાનું મૂળ પ્રાગટ્ય સ્થાન છે. જે એક સમયે કલા અને સંસ્કૃતિની ભૂમિ તરીકે પ્રખ્યાત હતી ત્યાં હાલ નાગર બંધુઓને સંગીત મહોત્સવ માણવાનો સુંદર અવસર પ્રાપ્ત થયો છે.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા નાગરોના ઈષ્ટદેવના પરિસરનું વિકાસ કામ, નવા યાત્રિ નિવાસ, હોલ અને દેવાલયની મજબુતાઈ વિગેરે કામ ચાલી રહ્યા છે. ત્યારે આ સમયે સંગીત મહોત્સવની સાથે-સાથે નિર્વાણકાર્ય અને પરિસરને માણવાનો મોકો મળશે. આથી નાગર બંધુઓ માટે મંદિર ખાતે એક વિશાળ સમિયાણાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવિકો સમયસર આવે તો દાદાના દર્શનનો અમુલ્ય લાભ મેળવી શકશે. મહોત્સવમાં તાના-રીરી ગાર્ડનમાં નાગરો માટે અલગ બેઠક વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. આ વર્ષે સંગીત માણવા, દાદાના ભવ્ય પરિસરની ઝાંખી કરવા અને દાદાના દર્શનનો લાભ મેળવવા પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ બાબતે એમ.એમ. પંડ્યા મો. નં. ૯૮૭૯૫૪૨૭૦૬ પર સંપર્ક કરી શકશો તેમ સંસ્થાના આયોજકોએ જણાવ્યું છે.

## દિવાળીની ઉજવણી સાવચેતીથી કરવા ૧૦૮ ઈમર્જન્સી સર્વિસનો અનુરોધ

### તહેવારો દરમ્યાન ઈમર્જન્સી કોલમાં ૩૫ ટકા સુધીનો વધારો નોંધાયો છે : વધારાની ટીમો સાથે દિવાળીના દિવસો દરમ્યાન ખડેપગે સેવાઓ અપાશે

ગાંધીનગર, તા. ૨૧

દિવાળીના પર્વ નિમિત્તિ નગરજનોની ઉજવણીમાં કોઈ અમંગળ કે દુર્ઘટના ના થાય તે હેતુથી રાજ્યની ૧૦૮ ઈમર્જન્સી સર્વિસ દ્વારા કેટલીક સાવધાનીઓ રાખવા અપીલ કરવામાં આવી છે. આ તહેવારના દિવસો દરમ્યાન ઈમર્જન્સી કોલમાં ખૂબ વધારો થતો હોઈ અગમચેતીના પગલાંરૂપે ૧૦૮ ઈમર્જન્સી મેનેજમેન્ટ સેન્ટર દ્વારા વધારાના રિસ્પોન્સ ઓફિસર્સ, ડોક્ટર્સ, ૫૨૯ જેટલી અત્યાધુનિક એમ્બ્યુલન્સ, તાલીમબદ્ધ ઈ.એમ.ટી. પાયલોટ અને સુપરવાઈઝરી ટીમ સેવા માટે ખડેપગે તૈનાત રાખવામાં આવશે.

દિવાળીનું પર્વ દિવાઓના અજવાળા લાવી અંધારુ સમેટી લે છે તેમ ૧૦૮ ઈમર્જન્સી સર્વિસ પણ લોકોની કપરી પરિસ્થિતિમાં સાથ આપી તેમને આશાનું કિરણ આપે છે. જીવીકે ઈએમઆરઆઈ દ્વારા નગરજનોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવવાની સાથે દિવાલીના તહેવારના દિવસો દરમ્યાન ફટાકડા ફોડતી વખતે અને વાહન ચલાવતી વખતે જરૂરી સાવધાનીઓ રાખવા અનુરોધ કર્યો છે. ઈએમઆરઆઈના આંકડા મુજબ દિવાળી અને બેસતા વર્ષના દિવસે ઈમર્જન્સી કોલમાં ૧૦ ટકાથી લઈને ૩૫ ટકા સુધીનો ઉછાળો આવે છે. સામાન્ય દિવસોમાં ૨૫૦૦ જેટલી ઈમર્જન્સી રાજ્યભરમાં રહેતી હોય છે. તેની સામે આ દિવસોમાં તેનું પ્રમાણ ૨૭૫૦ થી ૩૫૦૦ સુધી પહોંચી જાય છે. આ ઈમર્જન્સીમાં સૌથી વધુ રોડ એક્સીડેન્ટ, પેટનો દુઃખાવો, તાવ અને મારામારીના કેસોની હોય છે. દિવાળીના દિવસે સાંજથી શરૂ કરીને નવ વર્ષની રાત સુધી આ પ્રમાણમાં ખુબ વધારો જોવા મળે છે.

આ તહેવારો દરમ્યાન ઈએમઆરઆઈ દ્વારા ફટાકડા ઘરની બહાર ખુલ્લી જગ્યામાં ફોડવા, બાળકો ફટાકડા ફોડતા હોય ત્યારે વડીલોએ સાથે રહેવા, દાઝી જવાય તો તુરંત જ દાઝેલા પર ૨૦ મિનિટ સુધી પાણી રેડવા, ફટાકડાં ફોડતી વખતે પાણી ભરેલી ડોલ સાથે રાખવા જેવા અનેક સુચનો કરવામાં આવ્યા છે. વળી, રાત્રીના સમયે અને ટ્રાફિકવાળા વિસ્તારમાં વાહન સાવધાનીપૂર્વક ચલાવવા બહારની મીઠાઈ વગેરે ખાવાનું ટાળવા અને શ્વાસની તકલીફ ધરાવતી વ્યક્તિઓએ દારૂખાનુ ફુટતુ હોય ત્યાંથી દૂર રહેવા પણ અનુરોધ કર્યો છે. ફટાકડા ફોડતી વખતે વધુ પડતા ટાઈટ વસ્ત્રો ન પહેરવા, સુતરાઉ વસ્ત્રો જ પહેરવા, સિન્થેટીક કે સિલ્કના વસ્ત્રો ન પહેરવા અને વૃક્ષો તેમજ ઈલેક્ટ્રીક વાયરો નજીક ફટાકડા ન ફોડવા સલાહ આપી છે.




### દિવાળીના દિવસે અન્ય શહેરો કરતા ગાંધીનગરના ઈમર્જન્સી કોલ સૌથી વધારે

રાજ્યની ૧૦૮ ઈમર્જન્સી સર્વિસ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દિવાળીના તહેવારો દરમ્યાન ગાંધીનગરમાં ઈમર્જન્સી કોલ સામાન્ય દિવસોના ૮૦ થી ૧૧૦ ની સરખામણીએ વધીને ૪૫૦ થી ૫૦૦ સુધી પહોંચી જાય છે. આ ઉપરાંત દિવાળીના દિવસે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા શહેરોની સરખામણીએ ગાંધીનગરમાં ઈમર્જન્સી કોલની સંખ્યામાં સૌથી વધુ ૪૫.૨૪ ટકા વધારો થાય છે. આ તહેવારોના દિવસો દરમ્યાન ૧૦૮ પર મળતા કોલમાં સરેરાશ ૨૫ થી ૩૦ ટકાનો વધારો થાય છે. જેમાં વાહન સિવાયના અકસ્માતોની સંખ્યા સૌથી વધુ હોય છે. આ ઉપરાંત વાહનોના અકસ્માત, મારામારીના કેસો અને બિમારીના કેસોમાં પણ મોટો વધારો જોવા મળે છે. આ વર્ષે પણ આ પર્વ ટાણે ઈમર્જન્સી કોલમાં વધારો થવાની શક્યતાઓ જોઈ ઈએમઆરઆઈ દ્વારા નગરજનોને સાવધાની રાખવા ખાસ અપીલ કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૨
સૂર્યાસ્ત : ૬.૧૦

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૪૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

બેંગ બેંગ : ૩.૪૫,૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૦.૦૦

ડ્રેક્યુલા અનટોલ્ડ (અંગ્રેજી) : ૧૨.૪૫, ૩.૪૫, ૫.૪૫, ૯.૪૫

મુંબઈ ૧૨૫ કિ.મી. (૩ડી) : ૭.૪૫

: સ્ક્રીન-૪ :

સોનાલી કેબલ : ૧૨.૦૦, ૪.૩૦, ૭.૦૦

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૨.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૧૦.૦૦

બેંગ બેંગ : ૧૨.૪૫, ૬.૩૦

હેદર : ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :

મુંબઈ ૧૨૫ કિ.મી. : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

સીટી ઓફ ડ્રીમ : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

બેગ-બેગ : ૨.૦૦, ૭.૦૦

## આપની આજ

**મેષ** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થસે. વ્યાપાર-દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે. ગૂઢ કાર્યોમાં શોધનો યોગ.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**મીન** : પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. માયા લખનલાલ મોદક (ઉ.વ.૬૨) ૧૫, ડુપ્લેક્ષ, હરિનગર, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. વિજયભાઈ હવાલાભાઈ જખવાડીયા (ઉ.વ.૨૮) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મણીબેન કરમશીભાઈ મકવાણા (ઉ.વ.૪૫) ઘ-૬નાં છાપરાં, સેકટ્-૨૩, ગાંધીનગર